


# ઉદ્ઘાટન - લોકાર્પણ સમારંભ - ૨૦૧૯


PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જાન્યુઆરી - ૨૦૧૯, અંક નં. ૭૩/૪૩૯



ડૉ. નલીનભાઈ પંડિત



મુ. શ્રી પ્રતાપભાઈ શાહ




ડૉ. નરેશભાઈ વેદ



કાર્યક્રમના પ્રમુખ શ્રી સંજયભાઈ મહેતાના વરદ્ હસ્તે વિકલાંગ સાધન સહાય અને એવોર્ડ અર્પણ



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 Jan. - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 12

# પી.એન.આર. સોસાયટીમાં ત્રિવિધ કાર્યક્રમ

વિકલાંગોના પુનઃસ્થાપન માટે છેલ્લાં ૬૦ ઉપરાંત વર્ષોથી કાર્ય કરતી પી.એન.આર. સોસાયટી, ભાવનગર અને તેની સંલગ્નિત સંસ્થાઓ દ્વારા તા. ૫-૧-'૧૯ થી તા. ૭-૧-'૧૯ સુધી નવા પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન, અભિવાદન અને સાધન સહાય સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ દિવસે વિવિધ સંસ્થાઓના ડિફરન્ટલી એબલ્ડ બાળકો દ્વારા **રંગ દરબાર**નો ભવ્ય સ્ટેજ શો રજૂ થયેલ.

- ◈ વિકલાંગ સાધન સહાય
- ◈ તેજસ્વી તારલાઓનું સન્માન
- ◈ મુ. શ્રી પ્રતાપભાઈ શાહને ૯૫ માં વર્ષની શુભેચ્છા
- ◈ ભાર વગરના ભણતરની સફળ ચળવળ માટે શિક્ષણવિદ્ ડૉ. નલીનભાઈ પંડિતનું બહુમાન

બીજા દિવસે નવા પ્રોજેક્ટની તકતીઓનું દાતાશ્રીઓના હસ્તે અનાવરણ અને સંસ્થા દર્શનનો કાર્યક્રમ યોજાયેલ તથા સાંજના સમયે **લોકાર્પણ, અભિવાદન તથા સાધન સહાય**નો મુખ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં કાર્યક્રમની શુભ શરૂઆતમાં શ્રી ભાવનાબેન અંધારિયાની પ્રભુ પ્રાર્થના બાદ, સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાધર દ્વારા શાબ્દિક સ્વાગત અને પધારેલ ઉદારદિલ દાતાશ્રીઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કરી, મહેમાનશ્રીઓનો પરિચય આપવામાં આવેલ હતો. સંસ્થાની પ્રવૃત્તિઓ, બદલાતો પ્રવાહ અને નવયુવાન ટીમ અંગેની માહિતી તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાકટયથી ઉદ્‌ઘાટન, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરાવવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સર્વશ્રી સંજયભાઈ મહેતા, પ્રફુલભાઈ શાહ (USA), ડૉ. નરેશભાઈ વેદ (પૂર્વ ઉપકુલપતિ, ભાવનગર યુનિ.), પ્રતાપભાઈ પારેખ, શ્રીમતી રશ્મિબેન પારેખ, બાબાભાઈ, હરેનભાઈ



સંઘવી, કીર્તિભાઈ સંઘવી, પ્રકાશભાઈ શાહ, નરેન્દ્રભાઈ કે. શાહ, ભરતભાઈ પારેખ, પ્રતાપભાઈ ટી. શાહ, હર્ષદભાઈ શેઠ, પ્રબોધભાઈ મહેતા વગેરે દેશ-વિદેશના મહેમાનો અને રમેશભાઈ મહેતા, ધવલભાઈ શેઠ તથા સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, શુભેચ્છકો, તમામ સંસ્થાઓના દિવ્યાંગ બાળકો અને લાભાર્થીઓ તેમના વાલીઓ વગેરે ઉપસ્થિત રહેલ હતાં. અનેક પ્રોજેક્ટનો દીપ પ્રાકટ્ય દ્વારા ઉદ્‌ઘાટનો, પાંગરતી પ્રતિભાના સન્માન અને મુ. શ્રી પ્રતાપભાઈ શાહને જન્મદિવસની શુભેચ્છા અપાઈ હતી. આ પ્રસંગે વિવિધ વિકલાંગતા ધરાવનાર વિદ્યાર્થીઓને રીચિંગ ટુ અનરીચ્ડ કોર્પસ ફંડમાંથી રૂ. સાત લાખના સાધનોની સહાય, તેમની મોબીલીટી વધારવા અપાયી હતી.

આ પ્રસંગે ડૉ. નલીનભાઈ પંડિતનું શિક્ષણક્ષેત્રે અનોખા યોગદાન બદલ, મેમેન્ટો આપી ખાસ સન્માન કરાયું હતું.

સમારંભના પ્રમુખ શ્રી સંજયભાઈ મહેતા (ચેરમેન એન્ડ મેનેજીંગ ડાયરેકટર, પ્રિયા બ્લુ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. તથા પ્રેસિડેન્ટ શીપ રીસાયકલીંગ ઈન્ડ. એશોસિએશન) એ **"શુભેચ્છા"** પ્રકટ કરી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી દ્વારા તથા આભારવિધિ શ્રી ગિરીશભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ ટ્રસ્ટીશ્રીઓ અને કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.'

**- કિરીટ રાઠોડ**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/2019-21, Monthly
- **અંક નં. ૭૩ : ૧૫ જાન્યુઆરી - ૨૦૧૯**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ**, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# દીપ પ્રાકટ્ય















ડૉ. નલીનભાઈ પંડિતનું બહુમાન


મુ. શ્રી પ્રતાપભાઈ શાહને શુભેચ્છા




મુંબઈ કમિટી દ્વારા મુ. શ્રી નટવરભાઈ દેસાઈને ૯૦માં વર્ષની શુભેચ્છા

# એવોર્ડ અને સન્માન
















શ્રી પ્રતાપભાઈ પારેખ અને શ્રીમતી રશ્મિબેન પારેખ તરફથી શ્રી વી. સી. લોટાવાળા હોસ્પિટલને
રૂા. ૨૫,૦૦,૦૦૦ લાખનો ચેક અર્પણ









**શ્રીમતી**
**માલતીબેન દલાલ**
**અને શ્રી શ્યામલાલ દલાલ**
**હેન્ડિકેપ્ડ વેલ્ફેર**
**કોર્પસ ફંડના વ્યાજની**
**રકમમાંથી સાધન**
**સહાય**













# સંસ્થા દર્શન





















# તકતીઓનું અનાવરણ

❶ વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં **સોનોગ્રાફી મશીનના પ્રોબ**ની તકતીનું અનાવરણ કરતાં શ્રી ધવલભાઈ શેઠ (દાતા : શ્રી વસંતભાઈ ગાંધી, યુ.એસ.એ.)

❷ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક **કોર્પસ ફંડની તકતી-૨**નું અનાવરણ કરતાં શ્રી પ્રફુલભાઈ શાહ (દાતા : શ્રી પ્રફુલભાઈ શાહ અને NIR મિત્રો)

❸ હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલના **કલાસ રૂમની તકતી**નું અનાવરણ કરતાં શ્રી પ્રબોધભાઈ મહેતા તથા પરિવાર (દાતા : મહેતા પરિવાર)

❹ પ્રવિણચંદ્ર દલાલ **ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટરની તકતી**નું અનાવરણ કરતાં શ્રી પ્રકાશભાઈ દેસાઈ (દાતા : ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.)

❺ કે.એન.શાહ ડે-કેર સેન્ટરના **કલાસ રૂમની તકતી**નું અનાવરણ કરતાં શ્રીમતી રશ્મિબેન અને શ્રી પ્રતાપભાઈ પારેખ (દાતા : મહેતા પરિવાર)

❻ જેરી જી જોન્સ **વેલ બેબી કિલનીકની તકતી**નું અનાવરણ






















# મહાનુભાવોના વકતવ્યોમાંથી...

## શ્રી પ્રતાપભાઈ શાહ



ભાવેણાના વડિલ મુ. શ્રી પ્રતાપભાઈ શાહે, તેઓની સામે આંબાચોકમાં જન્મેલી અને ક્રેસન્ટ સર્કલ, નાગરપોલ, જશોનાથ ચોક, વિદ્યાનગર થઈ કાળિયાબીડમાં “નટરાજ કોલેજ કેમ્પસ” ખાતે, ભર યુવાનીમાં વિકસીત થયેલી, વિશ્વ વિખ્યાત, બહુવિધ વિકલાંગતા પર કામ કરતી પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓ તરફથી ‘સન્માન’ સ્વિકારતા પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે ‘એક છત્ર નીચે’ બધીજ દિવ્યાંગતા પર કામ કરતી, ૬૦૦ કર્મચારીને રોજગાર આપતી, દિવ્યાંગોના સાધનો નિર્મિત કરી ‘મેઈક ઈન્ડિયા’નું સ્વપ્ન સાકાર કરતી, દિવ્યાંગો અને સમધારણ બાળકોને સાથે ભણાવી, **સબકા સાથ સબકા વિકાસ**નો દાખલો બેસાડતી, વિદેશોમાં પણ સેવાની શાખ મેળવી કરોડોના અનુદાન મેળવી, દાતાશ્રીઓ, વિશિષ્ટ બાળકો-વાલીઓ, કર્મચારીઓ, નિવૃત્ત સેવાભાવી કાર્યકર્તાઓ અને સરકારના સાથ-સહકારથી, ૫૫ વર્ષથી સુચારૂ રીતે ચાલતી આ સંસ્થા, ભાવનગર, ગુજરાત અને ભારતની ઓળખ છે. સંતવર્ય ચિત્રભાનુ, સ્વામી સચ્ચિદાનંદ, મોરારીબાપુ, પૂર્વ પ્રધાનમંત્રી સદ્. ઈન્દીરા ગાંધી, મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી તથા દેશ-વિદેશના માનવતાવાદીઓની પ્રસંશા પ્રાપ્ત કરનાર, આ સંસ્થાને મારી શુભકામના છે.

## ડો. નલીનભાઈ પંડિત



‘૨૫ વર્ષથી આ સંસ્થા સાથે પરિચયમાં છું. ભારતની ૫૦ સ્પેશ્યલ સ્કૂલમાંથી પાંચ ટોપ સ્કૂલમાં આ સંસ્થા છે. જેનાથી દિવ્યાંગો ખૂબ લાભ પામે છે. હાલમાં અમલમાં આવેલ, ‘દફતર મુકત ગુજરાત’ એ મેં આરંભેલી ‘ભાર વગરના ભણતર’ની સફળતા છે. જેની શરૂઆતમાં આ સંસ્થા મારા સમર્થનમાં ઉભી રહી, તેનું મને ગૌરવ છે.

વિશિષ્ટ બુદ્ધિમત્તાવાળા વિદ્યાર્થીઓ માટે ‘ઈન્કલુઝન ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી’ દ્વારા નટરાજ કોલેજમાં ચલાવાતી, હાઈટેક સ્કૂલનો સફળ પ્રયોગ આ સંસ્થાની સિધ્ધિ છે, આ સંસ્થા માટે હું હંમેશા સાથે રહીશ.’

## ડૉ. નરેશભાઈ વેદ

પોતાના કી-નોટ એડ્રેસમાં જણાવ્યું હતું કે, ‘‘સતત સોળ વર્ષથી આ સંસ્થાને ભીતર અને બહારથી, તેમજ તેના આર્થિક પાસાથી હું માહિતગાર અને કાર્યશૈલીનો નિરીક્ષક, પરીક્ષક અને માર્ગદર્શક છું. ફિઝિકલી ચેલેન્જડ દિવ્યાંગો પર, પી.એન.આર. સોસાયટી નામના સેવા તીર્થમાં તન, મન, ધનથી કાર્યરત ટીમની પ્રસંશા કરું છું. વર્તમાન આર્થિક કટોકટીના સંદર્ભે આ ગંજાવર કાર્યને પહોંચી વળવા, દાતાશ્રીઓને વધુ અનુદાન માટે અપીલ કરું છું.’’





## શ્રી ગિરીશભાઈ શાહ

‘‘દિવ્યાંગોના દેવદૂત બની, મુંબઈથી ઈશ્વરીય કાર્ય માટે નિમિત્ત બનતા આપ સૌ પધારેલ દાતાઓના ઉપકારને, સંસ્થાવતી બીરદાવી આભાર માનું છું. મુંબઈની ટીમનાં સહકારથી, અહીંની ટીમ વધૂ જોમથી કામ કરે છે, તેનો આનંદ છે.’’


## શ્રી પારસભાઈ શાહ



'આજે આપણે નવા માહોલમાં મળી રહ્યાં છીએ. પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓનો વાર્ષિક સમારંભ દર વર્ષે આપણે ઉજવતા આવ્યાં છીએ. પરંતુ આ વખતે સમારંભની શરૂઆત કરાવનાર આપણાં દિગ્ગજ શ્રી નટવરભાઈ દેસાઈની આ સમારંભમાં ઉપસ્થિતી નથી. શ્રી નટવરભાઈની તબીયત ધીમે-ધીમે સારી થઈ રહી છે એમને આપણાં બધા વતી શુભકામના પાઠવું છું. પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓનો માહોલ બીજી રીતે પણ બદલાઈ રહ્યો છે. જે આપ અહીં જોઈ શકો છો. જેમ કે અમારી સંસ્થાઓના સિનીયર સભ્યોએ પોતાનું વિઝન વાપરીને અમારી જેવા નવયુવાનોની ટીમને સત્તાનું હસ્તાંતરણ કર્યું છે. મુંબઈ ઓફિસમાં છેલ્લાં ૩-૪ વર્ષથી શ્રી નટવરભાઈએ ફેરફાર શરૂ કર્યા હતાં. તેના પરિણામ સ્વરૂપ શ્રી નરેન્દ્રભાઈ શાહ આપણા ચેરમેન છે તથા શ્રી પ્રકાશભાઈ, શ્રી ભરતભાઈ પારેખ, શ્રી જીતુભાઈ મહેતા, શ્રી હરેનભાઈ સંઘવી, શ્રી હિતેનભાઈ દલાલ, શ્રી હર્ષદભાઈ શેઠ, શ્રી કીર્તિભાઈ સંઘવી વિગેરેએ સંસ્થાને નિરંતર ચાલું રાખવા એક સારી શરૂઆત કરી છે.'



# JERRY G. JONES WELL BABY CLINIC






માટે એક લાખ ડોલરનું દાન



Late Mr. Jerry G. Jones was impressed very much of human services of the PNR Society. While in India during 2000 Mr. Jones happened to visit Palitana at the advice of Gurudev Chitrabhanuji, when he also visited PNR Society. He was very much impressed with the rehabilitation activities undertaken by the PNR Society for the deaf, the blind, children with cerebral palsy, autistic children and polio victims. After going to the USA he used to regularly send funds for care and treatment of the above handicapped children. He was a first order business man also. In search of peace he visited India often. He founded the So Hum Foundation in the U.S.A. His last visit to PNR Society with his daughter Shannon in 2010. Mr. Jerry G. Jones is no more with us today. In his memory Ms. Shannon has donated **$ 100,000** to the PNR Society. In his permanent memory this Well Baby Clinic has been dedicated to people at the onam hands of Shri Narendrabhai Shah, Chairman P.N.R. Society.

















## નીલકમલ લિમીટેડ - મુંબઈના

# રીચિંગ ટુ અનરીચ્ડ કોર્પસ ફંડમાંથી રૂ. સાત લાખની સાધન સહાય

પી.એન.આર. સોસાયટી અંતર્ગત, નીલકમલ લિ. ના શ્રી વામનભાઈ પારેખ (મુંબઈ) દ્વારા અનુદાનિત **રીચિંગ ટુ અનરીચ્ડ કોર્પસ ફંડ**ના પ્રોજેક્ટ દ્વારા, સેરિબ્રલ પાલ્સી લાભાર્થીઓ માટે રોકડ રીક્ષા સહાય, ટેબલેટ, વ્હીલચેર, વોકર, એજ્યુકેશન કીટ વિગેરે અર્પણ કરવાનો સમારોહ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ, નટરાજ ઓડિટોરીયમમાં તા. ૭ જાન્યુ.`૧૯ ના રોજ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં માનવંતા મહેમાનો, સંસ્થાના ટ્રસ્ટીગણ તથા કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકો, લાભાર્થીઓ અને તેના વાલીઓ ઉપસ્થિત રહેલ.

નટરાજ સેરીબ્રલ પાલ્સી સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહે PPP સાથે પ્રવૃત્તિ પરિચય આપ્યો અને લાભાર્થીઓને મહાનુભાવોના વરદ્ હસ્તે સાધન સહાય અર્પણ કરાયાં. દાતા શ્રી હર્ષદભાઈ શેઠે મુંબઈની રોટરી ક્લબના આપણાં લોકાર્પણ કાર્યક્રમના મોકલેલ વીડિયોના ઉત્તમ પ્રતિભાવનો હવાલો આપતા ખૂબજ અનુદાન મળવાની આશા વ્યકત કરી હતી. સંમીલિત બાળકોએ શ્લોક, સ્પેશ્યલ યોગા, અભિનય ગીત અને આદિવાસી ડાન્સનો રંગારંગ કાર્યક્રમ રજૂ કરી મહેમાનોની પ્રશંસા મેળવી હતી. આભારવિધિ શ્રી ડી. જે. ધંધુકિયાએ કરેલ હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ સુંદર રીતે કરેલ હતું.









## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના

# તાલીમાર્થીઓને સ્કોલરશીપ એવોર્ડ અર્પણ કાર્યક્રમ













પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના સફળ તાલીમાર્થીઓને રોકડ પુરસ્કાર-સ્કોલરશીપ-એવોર્ડ અર્પણ કરવાનો કાર્યક્રમ નટરાજ કોલેજ, ભાવનગર ખાતે, તા. ૭ જાન્યુ. `૧૯ ના રોજ અમેરિકા સ્થિત સર્વ શ્રી પ્રફુલભાઈ શાહ, રેણુકાબેન શાહ, કુમારભાઈ શાહ, ત્રિશુલાબેન શાહ, યોગેશભાઈ શાહ, પ્રેરણાબેન શાહ, પ્રમોદભાઈ શાહ, સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, તાલીમાર્થીઓ અને તેઓના વાલીઓ વિગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. માનદ્‌મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડના શાબ્દિક સ્વાગત અને ઉદારદિલ દાતા પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય બાદ, શ્રી કૌશિકભાઈ પરમાર દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા, એ.ટી.એન્ડ ટી. માં ચાલતી પ્રવૃત્તિઓનું નિદર્શન કરેલ હતું. સફળ દિવ્યાંગોને એવોર્ડ તથા જરૂરતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ સહાય, બેસ્ટ એન્ટરપ્રિન્યોર એવોર્ડ, બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ, મોબાઈલ ફોન અને ચેક અર્પણ કરાયાં હતાં. શ્રી પ્રફુલભાઈએ પોતાના કી-નોટ વક્તવ્યમાં પ્રવૃત્તિના ચાર પિલરો, વિદ્યાર્થી, શિક્ષકો, દાતાઓ અને વ્યવસ્થાપનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા, સ્વદેશી દાતાઓને શોધી આપવા નિશ્ચય કરેલ અને **ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ**થી પરીચિત અને લાભાન્વિત થવા, સર્વોને અપીલ કરેલ હતી. આભારવિધિ શ્રી ડી. જે. ધંધુકિયાએ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ હતું.





Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 Jan. - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 12

# કાર્યક્રમમાં દાનની સરવાણી...

- ☑ સોહમ ફાઉન્ડેશન, યુ.એસ.એ. તરફથી, જેરી જી. જોન્સની સ્મૃતિમાં સેરીબ્રલ પાલ્સી, ઓટીઝમ, મલ્ટી ડિસેબલ્ડ માટે ૧,૦૦,૦૦૦ ડોલરનું અનુદાન **વેલ બેબી ક્લિનીક** માટે મળેલ છે.
- ☑ શ્રી પ્રતાપભાઈ પારેખ અને શ્રીમતી રશ્મિબેન પારેખ તરફથી રૂા. ૨૫,૦૦,૦૦૦ નું દાન ભાવનગર નવજવાન સંઘ - **વી.સી. લોઢાવાળા હોસ્પિટલ** ને મળેલ છે.
- ☑ સ્વ. નીલમબેન નટવરલાલ દોશીની સ્મૃતિમાં **બચપન કોર્પસ ફંડ** માટે રૂા. ૪,૫૦,૦૦૦ નું દાન મળેલ છે. (હ. નટવરલાલ આર. દોશી)
- ☑ શ્રી માવજીભાઈ કોશિયા તરફથી **હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલના ક્લાસ રૂમ** માટે રૂા. ૩,૨૫,૦૦૦ નું દાન મળેલ છે.
- ☑ શ્રી પ્રદીપભાઈ અનંતરાય શાહ તરફથી અંકુર શાળાને, **નિરામયા શોર્ટ ફોલ અને બેલેન્સ રકમ નાઈસા સ્ટાફ વેલ્ફેર ફંડ** માટે રૂા. ૨,૦૦,૦૦૦ નું દાન મળેલ છે.
- ☑ શ્રી ભરતભાઈ પારેખ - મુંબઈ તરફથી પી.એન.આર. ફિઝીયોથેરાપી કોર્પસ ફંડમાં રૂા. ૧,૫૦,૦૦૦ નું દાન મળેલ છે.
- ☑ શ્રી ભરતભાઈ દફતરી - અમદાવાદ રૂા. ૨૫,૦૦૦
- ☑ શ્રી ભાવનાબેન જયંતભાઈ ગાંધી - મુંબઈ રૂા. ૧૫,૦૦૦
- ☑ શ્રી રૂપાબેન ચિતરંજનભાઈ શાહ - મુંબઈ રૂા. ૧૦,૦૦૦

## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક જનરલ પરપઝ માટે મળેલ દાન

- ☑ શ્રી પ્રબોધભાઈ મહેતા - મુંબઈ રૂા. ૧,૧૧,૧૧૧
- ☑ શ્રી યોગેશભાઈ શાહ - ભાવનગર રૂા. ૧,૦૦,૦૦૦
- ☑ શ્રી પ્રકાશભાઈ અને શ્રીમતી પરેશાબેન શાહ - (USA) રૂા. ૫૧,૦૦૦






શ્રી ગૌતમભાઈ ગાંધી અંધશાળામાં ...

**PRINTED MATTER**

If undelivered, Please return to
Shri Shah K. L. Institute for the Deaf, 51, Vidyanagar, Bhavnagar-364 002. (Gujarat)

...... CONTACT US ......
**PNR Society for Relief & Rehabilitation of the Disabled**
Nataraj College Campus,
Near Sardar Patel School,
Kaliyabid, **BHAVNAGAR**.
(Guj.-India)
**Tel.** (0278) 2570126 / 2470232
**E-mail :** info@pnrsoceity.org
**Website :** www.pnrsociety.org

PNR HOPE 4 HANDICAPPED